૧.

## શ્રી સીમંધર ભગવાન તથા ૨૦ વિહરમાન તીર્થંકરની સ્તુતિ

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા ! નમું તને શિર નામી નામી.

## શ્રી સીમંધર ભગવાન તથા ૨૦ વિહરમાન તીર્થંકરની ભક્તિ

(ધનભાગ્ય અમારે આંગણ આવ્યા–એ દેશી)

ધનભાગ્ય અમારે મંદિર આવ્યા, સીમંધર ભગવાન;
વધાવું આજ અર્ઘ્યનો થાળ ભરી ભાવ સાથ....(ટેક)

ચંદ્ર સૂરજ સમ રૂપે જગપતિ, શાંતિના કરનાર;
ધર્મદાતા તારું દરિસન પ્યારું, નરનારી સુખકાર....વધાવું૦ ૧

જૈન ધરમનો જય વરતાવ્યો, ધન્ય! તુજ અવતાર;
શાંતિદાતા તારું શાસન લાગે, ભવિજનને હિતકાર....વધાવું૦ ૨

જ્ઞાન-આનંદ નિજ સ્વરૂપે રમતા, આતમગુણ ભંડાર;
શર્મદાતા તું ભવિજનત્રાતા, મનવાંછિત દાતાર.....વધાવું૦ ૩

સ્યાદ્વાદ સમ ધર્મપ્રરૂપક, જ્ઞાન દર્શન ધરનાર;
શ્રેયદાતા તું જગજનત્રાતા, ભવદુ:ખને હરનાર....વધાવું૦ ૪

રાગદ્વેષ સમ કો નહિ શત્રુ, હણી થયા અરિહંત;
સૌમ્યતામાં પુનમશશિસમ, ભક્ત પૂજે ભગવંત......વધાવું૦ ૫

૨.

## શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ

જાણ્યા જાયે શિશુ સકળનાં લક્ષણો પારણાથી,
શાંતિ કીધી પણ પ્રભુ તમે સર્વ આ લોકમાંહી;
ષટ્ ખંડો ને નવ નિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમ પદને આપજો તે અમોને.

## શ્રી શાંતિનાથ ભગવાનની ભક્તિ

(દીઠાં લોયણ આજ—રાગ)

શાંતિનાથ સોહામણો રે, સોળમો એ જિનરાય;
શાંતિ કરો ભવચક્રની રે, ચક્રધર કહેવાય.....
શાંતિનાથ તું જગજીવન સાર. ૧

ભવોદધિ મથતાં મેં લહ્યો રે; અમૂલખ રત્ન ઉદાર;
લક્ષ્મી પામી સાયર મથી રે, જિમ હર્ષ મુરાર....
શાંતિનાથ ૨

રજની અટતાં થકાં રે, પૂર્ણ માસે પૂર્ણચંદ;
તિમ મેં સાહિબ પામિયો રે, ભવમાં નયણાનંદ....
શાંતિનાથ ૩

ભોજન કરતાં અનુદિને રે, બટુ લહે ઘૃતપૂર;
તિમ મુજને તુંહિ મિલ્યો રે, આતમ રૂપ સનૂર.....
શાંતિનાથ ૪

યોગીસર જોતાં થકાં રે, સમરે યોગ સુજાણ;
તુજ આતમ યોગ દર્શને રે, પ્રગટે સિદ્ધ સ્વરૂપ....
શાંતિનાથ ૫

અચિરાનંદન તું જયો રે, જય જય તું જગનાથ;
આતમ લક્ષ્મી મુજ ઘણી રે, જો તું ચઢીયો હાથ....
શાંતિનાથ ૬

**૩.**

## શ્રી મહાવીર ભગવાન તથા ત્રણકાળની ચોવીસીની સ્તુતિ

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલનભે ભાનુ સમા છો વિભુ,
મારા ચિત્તચકોરને જિન તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ;
પામ્યો છું પશુતા તજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીરદેવ મુજને પાપી મહા કર્મથી.

## શ્રી મહાવીર ભગવાન તથા ત્રણકાળની ચોવીસીની ભક્તિ

અહો મારાં નસિબ જાગે, વીરનાં વચનો મળ્યાં;
શક્ર સેવિત વચન રાગે, કારજ મુજ સઘળાં ફળ્યાં. અહો. ૧
વર્દ્ધમાન તુજ મૂરતિ પ્રેમે, દુરિત મુજ દૂરે ગયાં;
તીર્થેશ્વર તુજ દર્શ દેખી, કાર્ય મુજ નિકટ થયાં. અહો. ૨
અજરામર તુજ રૂપડું નીરખી, મનડું મુજ હર્ષિત થયું;
શિવંકર તુજ મુખડું દેખી ચિતડું મુજ વિકસિત થયું. અહો. ૩
અવિકારી તુજ નયન પેખી, નયન મુજ ઉલ્લસિત થયાં;
ધ્યાનેશ્વરી તુજ કરને નીરખી, મુજ કર અતિ લજ્જિત ભયાં. અહો. ૪
જગદીશ્વર તુજ ચરણ નીરખી, મુજ હૃદય ચરણે ગયું;
કરુણાસિન્ધુ તુજ કૃપાથી, મુજ જીવન સફલ થયું. અહો. ૫
કૃપાનિધિ તુજ મીઠી નજરે, ભવ્ય જીવ મુકતે ગયા;
યોગીનાથ તુજ દર્શન યોગે, દુ:ખિયા પણ સુખિયા થયા. અહો. ૬
તીર્થપતિ તુજ વંદન ધ્યાને, દેડકો પણ દેવ થયો;
દયાનિધિ તુજ શરણ ગ્રહીને,અભિમાની પણ નમી ગયો. અહો.૭
એમ મહિમાં તુજ સાંભળીને, હરખે જે તુજને યજે;
સેવક તુમારા ચરણ સેવીને, તેહી અમૃત પદને ભજે. અહો. ૮

૪.

## શ્રી સૂર્યકીર્તિ ભગવાન ની સ્તુતિ

દેખી મૂર્તિ સૂર્યકીર્તિ જિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે

## શ્રી સૂર્યકીર્તિ ભગવાન ની ભક્તિ

(કાલી કમલી વાલે, તુમકો લાખોં સલામ–એ દેશી)

આતમ-સંપદ-રામી, જિનને કરું હું પ્રણામ;
સ્વામીને કરું છું પ્રણામ પ્રભુને કરું હું પ્રણામ.

જ્ઞાન દર્શન ને ચારિત્રધારી (૨)
મોહરાજ પર વિજયકારી (૨)
ભેટ્યા સૂર્યકીર્તિનાથ, જિનને૦ (૨) આતમ૦ ૧

આત્મ-સાધના પૂરણકારી (૨)
મુજ સમ જીવનાં દુરિતહારી (૨)
ભેટ્યા સૂર્યકીર્તિનાથ, જિનને૦ આતમ૦ ૨

કામધેનુ કામકુંભ સરિખા (૨)
કલ્પતરુ ચિંતામણિ સરિખા (૨)
ભેટ્યા સૂર્યકીર્તિનાથ, જિનને૦ આતમ૦ ૩

ત્રિપદીની જ દેશના દેતા (૨)
છકાય જીવના અભયદાતા (૨)
ભેટ્યા સૂર્યકીર્તિનાથ, જિનને૦ આતમ૦ ૪

શાંતિ-વિધાતા સમતા-સાગર (૨)
પરમપુરુષ પ્રધાન ગુણાકર (૨)
ભેટ્યા સૂર્યકીર્તિનાથ, જિનને૦ (૨) આતમ૦ ૫

પ્રેમે કરું દેવ-ગુરુની સેવા (૨)
પામી સેવાના મીઠા મેવા (૨)
સેવક વરે શિવધામ,
જિનને કરું હું પ્રણામ. (૨) આતમ૦ ૬

## ૫.

## શ્રી પંચ પરમેષ્ઠી તથા બાહુબલી મુનીન્દ્ર ભગવાનની સ્તુતિ

અર્હન્તો ભગવંત ઇંદ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધીશ્વરાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્.

## શ્રી પંચ પરમેષ્ઠી તથા બાહુબલી મુનીન્દ્ર ભગવાનની ભક્તિ

बाहुबली के दर्शन पाय, **आनन्द मेरे उर न समाय** ।
अक्षय निज प्रभुता दरशाय, **आनन्द मेरे उर न समाय** ।।टेक।।
कामदेव पदवी के धारक, धन्य प्रभो दुष्काम निवारक ।
निजानन्द निज में विलसाय, **आनन्द मेरे उर न समाय** ।।१।।
तुमने जगत असार विचारा, सारभूत शुद्धात्म चितारा ।
पद निर्ग्रन्थ लिया अपनाय, **आनन्द मेरे उर न समाय** ।।२।।
लिपट गई थीं तन से बेलें, नाग बनाकर वामी खेलें ।
निश्चल आतम ध्यान लगाय, **आनन्द मेरे उर न समाय** ।।३।।
चक्री ने आ शीश नवाया, कर्म कलंक सभी विनशाया।
अनन्त चतुष्टय प्रभु प्रगटाय, **आनन्द मेरे उर न समाय** ।।४।।
ऋषभदेव से पहले स्वामी, आप हुए सिद्धालयगामी ।
भक्तिभाव से शीश नवाय, **आनन्द मेरे उर न समाय** ।।५।।
ऐसा ही बल पाऊँ जिनवर, साधूँ शुद्ध रत्नत्रय सत्वर ।
प्रभु साक्षी में निजपद पाय, **आनन्द मेरे उर न समाय** ।।६।

## શ્રી જિનવાણી માતાની સ્તુતિ

ૐકાર બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ;
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ

## શ્રી જિનવાણી માતાની ભક્તિ

(જ્યોતિ ભક્તિની જગાવ–એ દેશી)

જય જય મંગલકારી મહાન, પ્રાતઃ પ્રણમું હે જગમાત!
તું પરમ જ્ઞાન સુઝાવે, ભવતાપોનાં દુઃખ બુઝાવે,
સુરનર પૂજિત તારાં પાદ.......પ્રાતઃ૦ ૧

તું સકલ વિરોધ મિટાવે, તું વસ્તુ-સ્વરૂપ પ્રકાશે,
સ્યાદ્વાદ ધરે નિશાન....પ્રાતઃ૦ ૨

તું શુદ્ધામૃત દાતારી, સંતોના હૃદયે પ્યારી,
રમતી અહર્નિશે હે માત....પ્રાતઃ૦ ૩

જિનવાણી અતિશય ગર્જે, ભવિચિત્ત મયુર શું નાચે,
સુણતાં થાયે સહજ કલ્યાણ....પ્રાતઃ૦ ૪

તારી કથતાં ગંભીરતાને, શ્રુતકેવળી પાર ન પામે,
સર્વે મંગલમાં શિરતાજ....પ્રાતઃ૦ ૫

સિદ્ધોનું સ્થાપન કરતી, ભવિ-અંતરમાં તું વસતી;
તું છો એક જગ-આધાર....પ્રાતઃ૦ ૬

તું અનંત ચતુષ્ટ પ્રકાશે, ભવ્ય જીવોને ઉદ્ધારે,
તારી મહિમા સુણાવે કહાન...પ્રાતઃ૦ ૭

૭.

## શ્રી કુંદકુંદાચાર્યદેવ તથા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની સ્તુતિ

**આ ક્ષેત્રના ચરમ જિન તણા સુપુત્ર,**
**વિદેહના પ્રથમ જિન તણા સુભક્ત;**
**ભવમાં ભૂલેલ ભવિ જીવ તણા સુમિત્ર,**
**વંદું તને ફરી ફરી મુનિ કુંદકુંદ.**

## શ્રી કુંદકુંદાચાર્યદેવ તથા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની સ્તુતિ

આજ મંગળ દિન મહા ઊગિયો રે,
અમ આંગણે બિરાજે આચાર્યદેવ...
**આજ દીઠાં કુંદકુંદદેવને રે.....** ૧
કુંદકુંદ આચાર્ય અહો જાગીયા રે,
ભરતક્ષેત્રના અહો ભાગ્ય.... **આજ દીઠાં.....** ૨
પ્રમત-અપ્રમત્તે ઝૂલતા રે,
જિનમુદ્રાધારી ભગવંત આજ... **આજ દીઠાં .....** ૩
દેહ છતાં દેહાતીત છો રે,
ઋદ્ધિ-લબ્ધિ તણો નહીં પાર...**આજ દીઠાં.....** ૪
સમયસાર રચના અદ્‌ભુત છે રે,
તીર્થંકર કેવળીની વાણ... **આજ દીઠાં.....** ૫
આપ ભરતના ભગવાન છો રે,
કર્યો છે પરમ ઉપકાર.... **આજ દીઠાં.....** ૬
કુંદદેવ વસો મુજ અંતરે રે,
ઝટ તારજો તારણહાર... **આજ દીઠાં.....** ૭.

૮.

## સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સ્તુતિ

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

## સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ભક્તિ

આવજો આવજો આવજો ગુરુજી, એકવાર પાર્લાપુરે આવજો; ૧
સેવકને પાય નમાવજો ગુરુજી, એકવાર સાક્ષાત્ આવજો... ૨
સીમંધરનાથ શોભે જે રૂડા, દિવ્યધ્વનિ સાથે લાવજો ગુરુજી... એક. ૩
ગણધરો દિવ્યવાણી ઝીલે જે, બાર અંગનો સાર લાવશો ગુરુજી... એક.૪
કુંદકુંદદેવ સ્વર્ગને ઉજાળે, આશીષ તેમના લાવજો ગુરુજી... એક. ૫
અમૃતચંદ્ર સ્વર્ગમાં સોહે, જ્ઞાન તેમનું ન ભૂલશો ગુરુજી... એક. ૬
પદ્મપ્રભ બિરાજે ત્યાં જે, સારનિયમનો લઇ આવશો ગુરુજી... એક. ૭
બીજા સાધક જે કોઇ હોય, તેમને પણ સાથે લાવજો ગુરુજી... એક. ૮
વાણી સુણી સ્વરૂપને જાણી, થઇશ તમારો સેવક સાચો ગુરુજી... એક. ૯
સેવકની ગુરુ વિનંતી સ્વીકારી, કૃપાનાથજી જરૂર આવજો ગુરુજી...એક.૧૦

# સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ક્ષમાપના સ્તુતિ

[ઉત્તમ ક્ષમાવાણી—પર્વ : ભાદરવા વદ ૧]

ગુરુદેવ! તારાં ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં. ૧.

કરીને કૃપાદૃષ્ટિ, પ્રભુ! નિત રાખજો તુમ ચરણમાં,
રે! ધન્ય છે એ જીવન જે વીતે શીતળ તુજ છાંયમાં. ૨.

ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના. ૩.

મન-વચન-કાય થકી થયા જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને. ૪.

તારી ચરણસેવા થકી સૌ દોષ સહેજે જાય છે,
ક્રોધાદિ ભાવ દૂરે થઈ ભાવો ક્ષમાદિક થાય છે. ૫.

ગુરુવર! નમું હું આપને, અમ જીવનના આધારને,
વૈરાગ્યપૂરિત જ્ઞાન-અમૃત સીંચનારા મેઘને. ૬.

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે. ૭.

સમ્યક્ત્વ-આદિક ધર્મ પામું, તુંજ ચરણ-આશ્રય વડે;
જય જય થજો પ્રભુ! આપનો, સૌ ભક્ત શાસનના ચહે. ૮.

૯.

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સ્તુતિ

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું,
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.
સીમંધર - ગણધર - સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન - ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ભક્તિ

(રાગ – આવો આવો સીમંધરનાથ...)

ભગવતી માતમહાન, અહીં બિરાજે રે;
સેવક મહા પુણ્યે આજ, દર્શન પામે રે..... ૧
અનુભૂતિ ફળ દાતાર, મળિયા મુજને રે;
હવે પરિભ્રમણનો અંત, નિશ્ચિત આવશે રે.... ૨
સ્વરૂપ સાધક સંત, આનંદે ભર્યા રે;
જ્ઞાયક ગજાવન હાર, અંતર ઠર્યા રે.... ૩
તમે ભાવિના ગણધર, કરુણા સાગર રે;
વિદેહના મહેમાન, કૃપા આગર રે.... ૪
તેજબા માતાના નંદ, આશિષ આપજો રે;
જેઠાભાઈના કુળચંદ, સદા સાથ રાખજો રે..... ૫
ભક્ત જાણીને હે માત ! મુજને તારજો રે;
સંસાર છે દુઃખમય, સત્વર ઉગારો રે..... ૬
ઝાઝી ઝાઝી શી વાત, તુજને કહીએ રે;
બાળક વિનંતી કરે આજ, સાક્ષાત્ ભેટીએ રે..... ૭.

## १०.

## કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પંડિત શ્રી ટોડરમલજી આદિ સમ્યક્દ્રષ્ટિ જ્ઞાનીઓની ભક્તિ

[ सवैया ]

भेदविज्ञान जग्यौ जिन्हके घट,
सीतल चित भयौ जिम चंदन।
केलि करै सिव मारगमैं,
जग माहिं जिनेसुरके लघु नंदन।।
सत्यसरूप सदा जिन्हकै,
प्रगट्यौ अवदात मिथ्यातनिकंदन।
सांतदसा तिन्हकी पहिचानि,
करै कर जोरि बनारसि वंदन।। ६ ।।

[ सवैया एकतीसा ]

स्वारथके साचे परमारथके साचे चित,
साचे साचे बैन कहैं साचे जैनमती हैं।
काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,
आतमगवेषी न गृहस्थ हैं न जती हैं।।
सिद्धि रिद्धि वृद्धि दीसे घटमैं प्रगट सदा,
अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।
दास भगवन्तके उदास रहैं जगतसौं,
सुखिया सदैव ऐसे जीव समकिती हैं।। ७।।

[ सवैया एकतीसा ]

जाकै घट प्रगट विवेक गणधरकौसौ,
हिरदै हरखि महामोहकौं हरतु है।
साचौ सुख मानै निजमहिमा अडौल जाने,
आपुहीमैं आपनौ सुभाउ ले धरतु हैं।।
जैसैं जल-कर्दम कतकफल भिन्न करै,
तैसैं जीव अजीव विलछनु करतु है।
आतम सकति साधै ग्यानकौ उदौ आराधै,
सोई समकिती भवसागर तरतु है।। ८।।